ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

તા.૨૩/૦૮/૨૦૧૪

પ્રતિ,
તંત્રીશ્રી ..............................,
ભાવનગર.

## <u>અખબારી યાદી</u>

**કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૨૩મી ઓગસ્ટને શનિવારના રોજ જિલ્લા કક્ષા સાયન્સ ડ્રામા–૨૦૧૪ કાર્યક્રમ યોજાયો.**

નેશનલ સાયન્સ ડ્રામા રાષ્ટ્રીય કક્ષાની શ્રેષ્ઠ સ્પર્ધાઓમાંની એક છે.આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજમાં વૈજ્ઞાનિક જાગૃતતા લાવવાનો છે. નેશનલ કાઉન્સીલ ઓન સાયન્સ મ્યુઝીયમ, મુંબઈ તથા નહેરુ સાયન્સ સેન્ટર, મુંબઈ પ્રેરીત નેશનલ સાયન્ય ડ્રામા–૨૦૧૪ કાર્યક્રમના ભાગરૂપે ગુજરાતમાં ધોરણ ૬ થી ૧૦ ના વિધાર્થીઓ માટે દરેક જિલ્લા તેમજ રાજય કક્ષાએ સાયન્સ ડ્રામાનું આયોજન થયેલ. જેના અનુંસંધાને ભાવનગર જિલ્લામાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જિલ્લા કક્ષાના સાયન્સ ડ્રામાનું આયોજન સમાજ માટે વિજ્ઞાન (science for society) વિષય પર તા.**<u>૨૩ ઓગસ્ટ, ૨૦૧૪ને શનિવાર ના રોજ નટરાજ કોલેજ, સરદાર પટેલ સ્કુલની બાજુમાં, કાળીયાબીડ, ભાવનગર</u>** ખાતે સવારે ૯:૦૦ કલાકે કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે શ્રી પરેશભાઈ ત્રિવેદી (આચાર્યશ્રી,બી.એમ.કોમર્સ હાઈસ્કુલ,ભાવનગર), શ્રી દિવાકરભાઈ ઉપાધ્યાય (શિક્ષકશ્રી, ધનેષ મહેતા હાઈસ્કુલ, ભાવનગર), શ્રી કૃષ્ણદેવસિંહ ગોહિલ (કો-ઓર્ડીનેટર,વિઝયુલ આર્ટ, ભાવનગર) શ્રી હેતલબેન રાઠોડ (શિક્ષકશ્રી, સેન્ટ ઝેવિયર્સ સ્કુલ, ભાવનગર) ઉપસ્થિત રહીને વિધાર્થીઓને પ્રોત્સાહિત કરેલ.

આ જિલ્લા કક્ષાના નેશનલ સાયન્સ ડ્રામા સ્પર્ધામાં સમગ્ર જિલ્લા માંથી કુલ મળીને ૧૭ શાળાઓના ૧૪૫ વિદ્યાર્થીઓ અને ૨૦ શિક્ષકો કુલ મળીને ૧૭૦ વ્યકિતઓએ લાભ લીધેલ. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે શ્રી સી.એમ. વિધાલય, પાલીતાણા દ્વિતીય ક્રમે શ્રી એમ.એસ. લખાણી કન્યા વિધાલય, ભાવનગર તેમજ તૃતિય ક્રમે શ્રી મુકતાલક્ષ્મી મહિલા વિધાલય, ભાવનગર અને શ્રી જી. એમ. ડોંડા પ્રાથમિક શાળા, ભાવનગર વિજેતા થયેલ. વિજેતા થયેલ પ્રથમ ક્રમે આવેલ બે ટીમો રાજયકક્ષાએ ભાવનગર જિલ્લાનું પ્રતિનીધિત્વ કરશે.

(હર્ષદ જોષી)
ઓફિસઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.